Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्

ઈ–દક્ષિણાયન
Dakshinayan e-Newsletter
For Private Circulation Only



Vol. 15, Issue. 259, March 2024

**પ્રિય વાચક મિત્રો,**

નાગરિક નિર્માણ – ચારિત્ર્ય

ચારિત્ર્ય એ મનુષ્યની અવ્યક્ત, અપ્રચ્છન્ન, અપ્રકટ શક્તિ છે. મનુષ્યનું અસ્તિત્વ જ એના સંપૂર્ણ ભૂતકાળનો અભિલેખ હોય છે. આ જ એ રહસ્ય છે જેને કારણે ઈતિહાસને ગંભીર મહત્ત્વ અને વિશેષ અભિપ્રાય પ્રાપ્ત થયો. જે રીતે મનુષ્યનું શરીર તેને પોતાના જ માતાપિતાથી પ્રાપ્ત થાય છે, બીજા કોઈથી નહી, એવી જ રીતે એનું ભવિષ્ય એના અતીતથી જ અને એ અતીતને અનુરૂપ જ બનશે.

ભૂતકાળના કોઈ અંશમાત્રથી ભવિષ્યનું નિર્માણ નથી થતું, પરંતુ સંપૂર્ણ અતીત દ્વારા ભવિષ્યનું જનન, સૃજન તથા અનુકૂલન (Conditioning) થાય છે. ભૂતકાળ ભવિષ્યકાળનું નિર્માણ કરે છે અને એના વિકાસની મર્યાદા નિશ્ચિત કરે છે. આપણો જે કર્મસિદ્ધાંત છે એનો આ જ અભિપ્રાય/મતછે. આપણે પૌર્વાત્ય લોકો પૂનર્જન્મ પર વિશ્વાસ કરીએ છીએ. આ પુનર્જન્મની ધારણા આપણને જીવન સમજવાનું અને અવલોકન કરવાનું એક માધ્યમ આપે છે.અન્ય લોકો મનુષ્યનાં વ્યક્તિત્વની સૂક્ષ્મ છટાઓ અને આભાઓમાં ભેદ નથી કરી શકતા, પરંતુ પુનર્જન્મ પર વિશ્વાસ હોવાને કારણે આપણે એને સારી રીતે ગ્રહણ કરી લઈએ છીએ. મનુષ્યના વર્તમાનને જોઈને તેની આકાંક્ષાઓનું અનુમાન આપણે કરી શકીએ છીએ; અને જાણે અજાણે એ જે કંઈ કરે છે એનાથી એના ભૂતકાળની ખબર પડે છે. પણ પૂર્વજન્મનું આપણું જે સંચિત હશે, એનું વર્તમાન જીવનમાં પ્રતિબિંબ પડશે અને આ જન્મમાં આપણે જે કંઈ કરીશું એનાથી આપણો આવતો જન્મ નક્કી થશે. સદૈવ દાસવૃત્તિથી રહેવાનો જેનો અભ્યાસ હોય, એને ભાગ્યવશ રાજસિંહાસન પ્રાપ્ત થઈ જાય તો પણ સૂક્ષ્મ દ્રષ્ટિની સામે રાજપરિધાનની અંદર તેની પીઠ પર પડેલા કોરડાના ડાઘ છૂપા નહીં રહે. એનાથી વિપરીત આજે દીનહીન બનેલી, દાસ બનેલીવ્યક્તિ પણ કોઈક સમયે ધનવાન રહી હશે, સમ્રાટ રહી હશે, તો પ્રખર અવલોકનશક્તિ ધરાવતી વ્યક્તિ એ દીનહીન ભિખારીના સ્વરમાં પણ આદેશની તીવ્રતા, સંકટકાળમાં એની નિર્ણયક્ષમતા અને અપમાન થાય ત્યારે એની મુદ્રા પર પ્રસ્તુત સ્વાભિમાનની લાલાશ અવશ્ય જોઈ શકાશે.

મનુષ્યની પ્રત્યેક કૃતિમાં એનું સમગ્ર વ્યક્તિત્વ પ્રતિબિંબિત થાય છે, સ્પષ્ટતઃ અંકિત થાય છે. ભલે વિશ્વ તેને સહજ વાંચી ન શકે. ઉદાત્ત અને મનનીય આકાંક્ષા ક્યારેય વ્યર્થ નથી જતી; ઉચ્ચ સંકલ્પ ક્યારેય નિરર્થક નથી હોતો. જે પ્રકારે આપણી પ્રત્યેક કૃતિમાં આપણું વ્યક્તિત્વ અભિવ્યક્ત થાય છે, એ જ રીતે આ અનેક કૃતિઓને મેળવીને બનેલું આપણું જીવન આપણાં ચરિત્ર્યને પ્રકટ કરે છે. આપણા આચાર, વ્યવહારનું સ્થાયી સ્વરૂપ અર્થાત્ ચારિત્ર્ય આ જીવનની ચાવી છે. આધ્યાત્મિક સત્યોની ક્રમબદ્ધતા અચૂક હોય છે. 'આપણે જે કંઈ છીએ તે આપણાં ચિંતનનું પરિણામ છીએ.' અભિયંતા (ઈજનેર) કહે છે કે જળ તેના સમતળ સુધી પહોંચે છે. જે વાત જળની એ જ વાત મનુષ્યની. મનુષ્ય જ્યાં પણ રહેશે, પોતાના સ્તરને અનુરૂપ સ્થાન અર્જિત કરી લેશે. ચારિત્ર્યનિર્માણના આ પ્રયાસમાં પ્રભુતાની દિશામાં વધેલુ એક પગલું પણ એના પ્રયોગના લાખો અવસર ઉપસ્થિત કરી દે છે. ચારિત્ર્યના, શીલના, પર્વત પર આપણે જેટલા ઉંચે ચઢીશું, એટલા ઉંચે કોઈ પણ ક્ષેત્રમાં આપણે ચઢીશું, વિના રોકાયે, અબાધ ગતિથી વધીશું. આપણું શીલ, આપણું ચારિત્ર્ય જેટલું ઉચ્ચ એટલું જ આપણું સ્થાન પણ શ્રેષ્ઠ હશે, આપણો પ્રભાવ એટલો જ અધિક હશે. આજે સામ્રાજ્યનાં સૂત્ર ચલાવનારી વ્યક્તિ વાસ્તવમાં પોતાનાં બાલ્યકાળની રમતોની મોટા પરિમાણ પર પુનરાવૃત્તિ કરે છે, બીજું શું ? પોતાના સાથીઓ સાથે રાજ્યશાસનની રમતો રમનારો બાળક ચંદ્રગુપ્ત મોટો થઈને મગધ સમ્રાટ બની ગયો. આઠ વર્ષની વયે ગૌહત્યારાના હાથ કાપનારા શિવાજી આગળ વધીને હિંદુસામ્રાજ્ય સ્થાપિત કરી ગોબ્રાહ્મણ પ્રતિપાલક બની શકયા. એ એકતાની, અદ્વૈતની અનુભૂતિ ચારેબાજુ વધારતો જશે અને અનંત જન્મ સુધી પ્રયાસ કરતો કરતો એક દિવસ દિક્કાલાતીત થઈ જશે.

કેવું અદભુત, અપરંપાર છે માનવ જાતિનું સામર્થ્ય અને એની ક્ષમતા! મનુષ્ય ગમે તેટલો દુર્બળ, દીનહીન, પતિત દેખાય, એના અંતઃકરણમાં અનંત હોવાનો સંભાવના અને શક્તિ છુપાયેલી રહે છે. આ સૃષ્ટિનું ચરમ સત્ય છે મનુષ્ય, નહી કે સત્તા, મનુષ્યનું ચરમ સત્ય છે એનો અંતર્યામી પરમેશ્વર! એટલે સૌએ આત્મવિશ્વાસ, આત્મશ્રદ્ધા રાખવી જોઈએ. બધા લોકો બળવાન, ધૃતિમાન બને. મનુષ્યોચિત આચરણ કરે. આપણે નર બનીએ, તો નારાયણ કંઈ દૂર નથી. આપણી અંદર જે ઈશ્વર છે, અંતર્યામી પરમેશ્વર છે, એને બહાર પ્રકટ કરીએ. આત્મવિશ્વાસ ધારણ કરીએ. પોતાને દુર્બળ માનીને પોતાનું અને એ હ્રદયસ્થ પરમાત્માનું અવમાન ન કરીએ. જે ઈચ્છશે એને મળશે; જે શોધશે એ મેળવશે; જે જ્ઞાનદ્વાર ખટખટાવશે એના માટે એ ખુલશે.

**દિનાંક ૧ એપ્રિલ, ૨૦૨૪ (ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)**
**કુલપતિશ્રી**

## વિશ્વવિદ્યાલય સમાચાર

### શ્રીરામોત્સવ કાર્યક્રમનો સન્માન સમારોહ યોજાયો

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા શ્રીરામ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા સમારોહના ઉપલક્ષ્યમાં દિનાંક ૧૬/૦૧/૨૦૨૪ થી ૨૨/૦૧/૨૦૨૪ સુધી યોજાયેલા 'શ્રીરામોત્સવ' કાર્યક્રમનો સન્માન સમારોહ દિનાંક ૧ માર્ચ, ૨૦૨૩ના રોજ વિશ્વવિદ્યાલયના કન્વેન્શન હોલ ખાતે યોજવામાં આવ્યો હતો. સાત દિવસના કાર્યક્રમને સફળ બનાવવા માટે યોગદાન આપનારા કલાકારો અને વિશ્વવિદ્યાલયના આયોજકોના સન્માન માટે યોજાયેલા આ કાર્યક્રમની શરૂઆત મુખ્ય અતિથિશ્રી નંદકિશોર શર્મા (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રાંતના સંપર્ક પ્રમુખ), કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, એકિઝક્યુટિવ કાઉન્સિલના સભ્યશ્રી સંજય લાપસીવાલા, ડૉ. કશ્યપ ખરચિયા, ડૉ. કેતન દેસાઈ, ડૉ. કિશોર પોરિયા, ડૉ. પારૂલબેન વડગામા તેમજ બોર્ડ ઓફ મેનેજમેન્ટનના સભ્યશ્રી ડૉ. મનીષા પાનવાલા, ડૉ. જયદીપકુમાર ચૌધરી અને અરુંધતી જે. દેસાઈની હાજરીમાં દીપપ્રાગટય કરીને કરવામાં આવી હતી. અતિથિઓના સ્વાગત બાદ કાર્યક્રમની પ્રસ્તાવના શ્રી સંજય લાપસીવાલા દ્વારા આપવામાં આવી હતી.

આ કાર્યક્રમ અંગે વિશ્વવિદ્યાલયના કુલપતિ શ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ તેમના આશીર્વચન આપતા જણાવ્યું હતું કે, ૧૨૦૦ વિશ્વવિદ્યાલયમાં માત્ર વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય જ હતી, જેણે ૭ દિવસ સુધી શ્રીરામોત્સવનો કાર્યક્રમ કર્યો હતો. ABC ક્રેડિટમાં રાષ્ટ્રીય સ્તરે પ્રથમ, PMUSHA યોજના અંતર્ગત ૧૦૦ કરોડનું અનુદાન, રાજ્ય સરકાર તરફથી ૫૦ કરોડનું દાન વગેરેનો લાભ વિશ્વવિદ્યાલયને મળવા માટેનો શ્રેય પ્રભુ શ્રીરામને આપ્યો હતો. અંતે કાર્યક્રમમાં વત્તા ઓછા દરેક પ્રકારે સહયોગ આપનાર દરેકનો તેમણે આભાર માન્યો હતો.

મુખ્ય અતિથિ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રાંતના સંપર્ક પ્રમુખશ્રી નંદકિશોર શર્માએ મુસ્લિમ શાસકોના ચાર તબ્બકાના આક્રમણ, શ્રીરામ મંદિરના નિમાર્ણ, ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના દિવસની ગૌરવપૂર્ણ ઉત્સાહપૂર્વક ઉજવણી, પ્રાણપ્રતિષ્ઠા બાદ અયોધ્યાનું વાતાવરણ, રામમંદિરના પ્રાંગણમાં સાધુ–સંતો, વેપારીઓ, સફાઈકર્મીથી લઈને સામાન્ય વ્યકિતઓની એકસરખી બેઠક વ્યવસ્થા, રામલલ્લાની દિવ્ય–ભવ્ય મૂર્તિ, રામમંદિરનું પુનઃનિર્માણ દેશને વિશ્વગુરુ બનાવવા માટેનું અગત્યનું પગલું, મંદિરના નિર્માણ બાદ રોજગારીની તકો, દેશની અર્થવ્યવસ્થામાં યોગદાન વગેરે વિષયો પર માહિતી પ્રદર્શિત કરી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે એકિઝક્યુટિવ કાઉન્સિલના સદસ્યશ્રી ડૉ. કશ્યપ ખરચિયા અને બોર્ડ ઓફ મેનેજમેન્ટ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણે આર્થિક રીતે તેમનો સિંહ ફાળો આપ્યો હતો. તદુપરાંત કાર્યક્રમમાં પાયારૂપી યોગદાન આપનારા અન્ય દાતાશ્રીઓ કાંઠા વિભાગ નવનિર્માણ મંડળ, અગ્રવાલ એજ્યુકેશન ફાઉન્ડેશન, માંડવી એજ્યુકેશન સોસાયટી, રોટરી આઈ ઇન્સ્ટિટયૂટ, કલરટેક્સ ઇન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિકિટેડ, શ્રી મોહનભાઈ હરકિશનદાસ કંસારા કેળવણી ટ્રસ્ટ, સુરત ટેકનિકલ એન્ડ રિસર્ચ સોસાયટી, અરુણા અનિલ વ્યારા પ્રદેશ વિકાસ પ્રતિષ્ઠાન, અરુણતી જીગ્નેશ દેસાઈ, પ્રતિભા ફેબ્રિક્સ લિમિટેડ, શ્રીરામકૃષ્ણ નોલેજ ફાઉન્ડેશન, એસ.ડી.જે.ઇન્ટરનેશનલ કૉલેજ, વિદ્યાદીપ વિશ્વવિદ્યાલય, લક્ષ્મીપતિ ગ્રુપ, જીતેન્દ્ર કંડેલવાલ, જીવન જ્યોત ટ્રસ્ટ છાંયડો વગેરેનું વિશ્વવિદ્યાલયનો ખેસ, શ્રીરામની પ્રતિકૃતિ અને પુસ્તક અર્પણ કરીને સન્માન સરકાર કરવામાં આવ્યો હતો.

શ્રીરામોત્સવ કાર્યક્રમ દરમિયાન પોતાની ભાગીદારી નોંધાવનાર સંસ્થા, કલાગુરુશ્રી, તેમના કલાકારો વગેરે સહિત યોગદાન આપનારાઓનું સર્ટિફિકેટ અને શ્રીરામ ભગવાનની પ્રતિકૃતિ અર્પિત કરીને સન્માન કરવામાં આવ્યું હતું. સાથે જ ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કમ્યુનિકેશનના સંયોજક ડૉ. ભરત ઠાકોરના માર્ગદર્શન હેઠળ ડૉ. કિરણ મિત્તલ, ડૉ. મનોજ પટેલ, નિલય પુરાણિક, બિન્ની પટેલ અને આશા મકવાણા દ્વારા તૈયાર કરવામાં આવેલ શ્રીરામોત્સવની ઇ–બુકનું લોન્ચિંગ અતિથિઓની હાજરીમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાના વરદહસ્તે કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પત્રકારત્વ વિભાગના સંયોજક ડૉ. કિરણ મિત્તલ અને DBIMના પ્રોફેસર ડૉ. જાનકી મિસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ બાદ કાર્યક્રમને પૂર્ણ જાહેર કરાયો હતો.










## મેગા પ્લેસમેન્ટ કેમ્પનું આયોજન

ગુજરાત સરકારના નોલેજ કોન્સોર્શિયમ ઓફ ગુજરાત (KCG) દ્વારા દર વર્ષે યોજાતા પ્લેસમેન્ટ કેમ્પની તરહ પર આ વર્ષે પણ ગુજરાતના ઝોન–૪ના નોડ ૧ અને નોડ પાંચનો પ્લેસમેન્ટ કેમ્પ–૨૦૨૪નો કાર્યક્રમ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે દિનાંક ૫ અને ૬ માર્ચના રોજ યોજાનાર છે. આ દ્વિદિવસીય પ્લેસમેન્ટ કેમ્પમાં ૭૦ જેટલી વિવિધ ક્ષેત્રની કંપનીઓ (ફાયનાન્સ, બેન્કિંગ, IT, ફાર્મા, ટેકસટાઈલ વગેરે) આશરે ૧૦૦૦ જેટલી વેકેન્સી સાથે ભાગ લેવા જઈ રહી છે. જેનો નોડ–૧ અને નોડ–૫ હેઠળ આવતી સંસ્થાઓના રજિસ્ટર થયેલ ૫૦૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓ લાભ લઈ શકશે.

આ કેમ્પના સફળ આયોજનના હેતુથી દિનાંક ૨/૩/૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે યોજાયેલ મિટિંગમાં પણ અધ્યક્ષ સ્થાનેથી આદરણીય કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડા સાહેબ દ્વારા પણ હકારાત્મક પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતુ અને સહુ આચાર્યશ્રીઓ અને અધ્યાપકશ્રીઓને વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખી કેમ્પની સફળતા માટે પૂરતા પ્રયત્નો કરવા અંગે પ્રેરણા પૂરી પાડવામાં આવી.

ઝોન–૪ના નોડ–૧ અને નોડ–૫ના આ પ્લેસમેન્ટ કેમ્પનું આયોજન ડૉ. પી.પી.કોટક (ઝોનલ ઓફિસર), પ્રો.કે.ડી.પંચાલ (સબ ઝોનલ ઓફિસર) તથા ડૉ. બી.એચ. પરમાર (નોડલ ઓફિસર)ના અસરકારક નેતૃત્વ હેઠળ થનાર છે ત્યારે સદર પ્લેસમેન્ટ કેમ્પનો વધુને વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તેવો અનુરોધ અધિકારીશ્રીઓ દ્વારા કરવામાં આવે છે. હજી સુધી નોંધણી ન કરાવેલ વિદ્યાર્થીઓ પણ કેમ્પના દિવસે સ્પોટ રજિસ્ટ્રેશન દ્વારા કેમ્પનો લાભ લઈ શકશે.








## વી.ટી.પોદ્દાર બીસીએ કૉલેજ અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સંયુકત ઉપક્રમે બીજી માર્ચે જોબફેર યોજાયો

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત વિમલ ટોરમલ પોદ્દાર બીસીએ કૉલેજ, પાંડેસરા અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સંયુકત ઉપક્રમે આઈટી ક્ષેત્રના વિદ્યાર્થીઓ માટે જોબફેરનું આયોજન દિનાંક ૨જી માર્ચના રોજ સવારે ૧૦ કલાકે કરવામાં આવ્યું હતું. ૨૫ આઈટી કંપનીઓ ઉપસ્થિત રહી હતી જેમાં સુરત શહેરની ખ્યાતનામ Medionce, EnactOn. KGK Infotech અને PAR Solutions જેવી કંપનીઓ ઉપસ્થિત રહી હતી. ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓને આ જોબફેરમાં ભાગ લીધો હતો. જેમાં ઘણા વિદ્યાર્થીઓને કંપનીઓએ જોબ ઓફર કરી હતી. વિદ્યાર્થીઓને ૫ થી ૧૦ લાખ સુધીના પેકેજની ઓફર કરવામાં આવી. જોબફેરના ઉદ્દઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન

સી. ગઢવી ઉપસ્થિત રહ્યા હતા. આ જોબફેરમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સંલગ્ન કૉલેજોના વિદ્યાર્થીઓ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી જોબફેરમાં ભાગ લીધો હતો. તેમજ સ્થળ પર જ તરત રજિસ્ટ્રેશન કરાવીને જોબ ફેરમાં વિદ્યાર્થીઓ ઇન્ટરવ્યૂ આપી શકે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. જોબફેરના ઉદ્દઘાટન સત્રમાં સંસ્થાના પ્રમુખશ્રી સુધાકરજી માસ્તર, મંત્રીશ્રી નીરજભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જોબફેર ઉદ્દઘાટન સમારોહને સંબોધતા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી સાહેબે જણાવ્યું હતું કે, જોબફેરમાં વિદ્યાર્થીઓને નોકરી આપવાનું કાર્ય સૌથી મહાન કાર્ય છે. એક પરિવારમાંથી એક વિદ્યાર્થીને નોકરી મળે તો આખા પરિવારનું ભરણપોષણ કરી શકાય છે. અત્યાર સુધી આઈટી ક્ષેત્રમાં ચીનનો દબદબો હતો હવે ભારત આઈટી ક્ષેત્રમાં આગળ વધી રહ્યું છે. ભારતમાં બેંગ્લોર જેવા શહેરો આઈટી ફિલ્ડમાં સારી નામના કમાવી છે. પરંતુ હવે એ દિવસો દૂર નથી કે જેમાં સુરત ડાયમંડ સિટીની જેમ આઈટી હબ તરીકે પણ ખ્યાતનામ થશે. સંસ્થાના પ્રમુખશ્રી સુધાકરજી માસ્તર સાહેબે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે અમારી સંસ્થામાંથી જે વિદ્યાર્થીની પસંદગી થશે તે આ સંસ્થામાં અધ્યાપકો પાસેથી નવું જ્ઞાન મેળવીને જ્યારે કોઈ કંપની સાથે જોડાશે ત્યારે કંપનીના લક્ષ્યોને પૂર્ણ કરવામાં પોતાનું યોગદાન સારી રીતે આપશે એવી અમને ખાત્રી છે જ. અમારી સંસ્થામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓનો બોદ્ધિક, આધ્યાત્મિક, શારીરિક વિકાસ યોગ્ય રીતે થયેલો જ હોય છે. જેથી તેઓ રાષ્ટ્રસેવામાં પણ તત્પર રહે છે. આ સૌ કંપનીઓએ ભારતની આર્થિક દષ્ટિએ ઉચ્ચસ્થાન પર લઈ જવા માટે સક્ષમ છો તો એ આર્થિક દૃષ્ટિએ દેશસેવા કરી રહ્યા છો. ઉદ્દઘાટન કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ કંપનીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સફળ બનાવવા માટે સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, કાર્યકારી આચાર્ય ડૉ. ચેતન રાઠોડ, તેમજ કાર્યક્રમ સંયોજક ડૉ. પૂજા પંચાલ, પ્રા. આરતી જરીવાલા, પ્રા. વંદન સોલંકી, શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓએ કાર્ય કર્યું. તેનું પરિણામ સ્વરૂપ જોબફેર સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.












## ઝોન –૪ પ્લેસમેન્ટ કેમ્પનો વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે પ્રારંભ

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા દર વર્ષે હાથ ધરાતી પ્લેસમેન્ટ ડ્રાઇવ અંતર્ગત વર્ષ ૨૦૨૪ના ઝોન–૪ (દક્ષિણ ગુજરાત)ના નોડ–૧ (સુરત જિલ્લો) અને નોડ–૫ (તાપી જિલ્લો)ના પ્લેસમેન્ટ કેમ્પ–૨૦૨૪નો દિનાંક ૦૫/૦૩/૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કન્વેન્શન હોલ ખાતે શુભારંભ કરવામાં આવ્યો હતો. ઉદ્દઘાટન કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબએ પરોક્ષ રીતે શુભેચ્છાઓ પાઠવેલ હતી તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીની ઉપસ્થિતિમાં દીપપ્રાગટ્ય અને એમના પ્રેરણાદાયક ઉદ્દબોધન દ્વારા વિદ્યાર્થીઓને વધુમાં વધુ કંપનીઓમાં ઇન્ટરવ્યૂ આપી આ પ્લેસમેન્ટ કેમ્પનો મહત્તમ લાભ લેવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. પ્લેસમેન્ટ કેમ્પ–૨૦૨૪ના પ્રથમ દિવસે ૪૫ જેટલી કંપનીઓના પ્રતિનિધિઓ હાજર રહી, મુખ્ય વિદ્યાશાખાઓ (આર્ટસ, કોમર્સ, સાયન્સ વગેરે)ના વિદ્યાર્થીઓની ઇન્ટરવ્યૂ અને ભરતી પ્રક્રિયા હાથ ધરવાના છે અને બીજા દિવસે દિનાંક ૦૬/૦૩/૨૦૨૪ના રોજ ટેકનીકલ અને પ્રોફેશનલ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ માટે ૭૦ જેટલી કંપનીઓ પ્રક્રિયા

હાથ ધરવા જઈ રહી છે. હજી સુધી નોંધણી ન કરાવેલ વિદ્યાર્થીઓ પણ કેમ્પના દિવસે સ્પોટ રજિસ્ટ્રેશન દ્વારા કેમ્પનો લાભ લઈ શકશે.















## રોજગાર કચેરી, સુરત અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના સયુંકત ઉપક્રમે જિલ્લા કક્ષાનાં રોજગાર ભરતી મેળાનું આયોજન થયું

ગુજરાત સરકારની રોજગાર કચેરી, સુરત અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતનાં ઉપક્રમે આજે દિનાંક ૦૬/૦૩/૨૦૨૪ના રોજ વિશ્વવિદ્યાલયના કન્વેન્શન હોલ ખાતે રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરત જિલ્લાની વિવિધ કંપનીઓ તેમજ સંસ્થાઓમાં પ્રતિનિધિઓની હાજરીમાં વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવીના વરદ હસ્તે કાર્યક્રમનું ઉદ્ઘાટન કરી નોકરીઈચ્છુંક ઉમેદવારો માટે રોજગાર ભરતીમેળો ખુલ્લો મુકયો હતો. આ ભરતીમેળામાં સુરત જિલ્લાની વિવિધ સેકટરની ૩૧ કંપનીઓએ ભાગ લીધેલ હતો. જેઓએ ધો.૧૦/૧૨ પાસ, આઈ.ટી.આઈ, બી.એસસી. (કોઈ પણ પ્રવાહ), એમએસ.સી., બી.સી.એ, એમ.કોમ, બી.બી.એ. એમ.બી.એ.–એચ.આર/માર્કેટિંગ, એમએસ.સી. આઈ.ટી, બી.ટેક, એમ.ટેક, બી.ઈ. (આઈ.ટી) જેવી લાયકાત ધરાવતા કુલ ૮૧૭ ઉમેદવારોનાં ઇન્ટરવ્યૂ લીધા હતા. જે પૈકી કંપનીઓની ૫૦૨ વેકેન્સી સામે ૪૧૨ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામાં આવી. આ પસંદગીમાં ૮ લાખ સુધીના વાર્ષિક પેકેજની પણ ઓફર કરવામાં આવી. કંપનીઓ ટેકનિકલ અને અનુભવી જગ્યાઓ માટે પસંદગી પામેલ ઉમેદવારોની બીજા તબક્કાનાં ઇન્ટરવ્યૂ માટે કંપની ખાતે બોલાવશે.

આ ઉપરાંત આગામી દિવસો દરમ્યાન સેકટર સ્પેસિફીક ખાસ ભરતીમેળાનું આયોજન થનાર છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં પ્લેસમેન્ટ ઓફિસરશ્રી દર્શનભાઈ પુરોહિત રોજગાર કચેરી સુરતના શ્રી બિપિનભાઈ માંગુકિયા તેમજ પ્લેસમેન્ટ ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

















## શિક્ષણ વિભાગના પ્લેસમેન્ટ કેમ્પ –૨૦૨૪નું વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે સફળતાપૂર્વક સમાપન

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પ્રેરિત ઝોન–૪ (દક્ષિણ ગુજરાત)ના નોડ–૧ (સુરત જિલ્લો) અને નોડ–૫ (તાપી જિલ્લો)ના દ્વિ–દિવસીય પ્લેસમેન્ટ કેમ્પ દરમિયાન પોર્ટલ પર નોંધાયેલા ૫૫૯ વિદ્યાર્થીઓ ઉપરાંત સ્પોટ રજિસ્ટ્રેશન કરાવેલ ૩૯૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. જેમાંથી ૮૬૦ જેટલા વિદ્યાર્થીઓને વિવિધ કંપનીઓ દ્વારા પ્રાથમિક પસંદગી માટેના પત્રો મળ્યા છે. પ્લેસમેન્ટ કેમ્પ –૨૦૨૪ના પ્રથમ દિવસે મુખ્ય વિદ્યાશાખાઓ (આર્ટસ, કોમર્સ, સાયન્સ વગેરે)ના વિદ્યાર્થીઓ તથા બીજા દિવસે અન્ય ટેકનિકલ અને પ્રોફેશનલ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લઈ પ્લેસમેન્ટ કેમ્પનો ભગીરથ કાર્યને સફળતા આપવી હતી. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા પ્લેસમેન્ટ સંયોજકશ્રી દર્શન પુરોહિત તરફથી મળેલ ભૌતિક સુવિધાઓ તથા અન્ય તમામ પ્રકારના સહયોગ બદલ પ્લેસમેન્ટ ટીમના નોડલ ઓફિસરશ્રી ડૉ. બી.એસ.પરમાર દ્વારા વિશ્વવિદ્યાલયના સત્તાધીશોનો નિષ્ઠાપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## AISHE 2022-2023 તાલીમ કાર્યક્રમ

માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા વર્ષ: ૨૦૧૦–૧૧થી શરૂ કરવામાં આવેલ ઉચ્ચશિક્ષણ અંગે All India Survey on Higher Education (AISHE) અંતર્ગત ૨૦૨૨–૨૦૨૩ના સર્વે માટે વિશ્વવિદ્યાલય સંલગ્ન સુરત અને તાપી જિલ્લાના મહાવિદ્યાલયોએ તેઓના મહાવિદ્યાલયની માહિતી માટે DCF-II નિયત સમયમર્યાદામાં AISHEની વેબસાઈટ પર અપલોડ કરવું અનિવાર્ય છે. સદર સર્વે અંતર્ગત એકત્રિત કરવામાં આવેલ માહિતીનો સરકારશ્રી દ્વારા વિવિધ નીતિ–વિષયક નિર્ણયો/નીતિ તૈયાર કરવા ઉપયોગમાં લેવામાં આવે છે. જેથી સર્વે અંતર્ગત WEB DCF-IIમાં દર્શાવવામાં આવેલ માહિતી સંપૂર્ણ સાચી હોવી અત્યંત જરૂરી છે. જેથી વિશ્વવિદ્યાલય સંલગ્ન સુરત અને તાપી જિલ્લાની કૉલેજોના નોડલ ઓફિસરો માટે તાલીમ કાર્યક્રમ દિનાંક ૦૭/૦૩/૨૦૨૪ના રોજ સવારે ૧૧:૦૦ થી બપોરે ૦૨:૦૦ કલાકે વિશ્વવિદ્યાલય કેમ્પસના બાયોટેકનોલોજી વિભાગના સેમિનાર હોલ ખાતે આયોજન કરવામાં આવેલ હતું.

તાલીમ કાર્યક્રમ પ્રસંગે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા વિશ્વવિદ્યાલય સંલગ્ન સુરત અને તાપી જિલ્લાનાં નોડલ ઓફિસરોને AISHEની કામગીરીના મૂલ્યાંકન તથા તેની

અગત્યતા જણાવી હતી તથા સૌના સાથ સહકારથી ઓલ ઇન્ડિયા સર્વેની સૌથી સારી કામગીરી કરવાની આશા વ્યક્ત કરી હતી. રાજ્યના AISHE Cellના ઓ.એસ.ડી., કે.સી.જી, ગુજરાતના પ્રો. હિમાંશુ પડયા અને સ્ટેટ નોડલ ઓફિસર ડૉ. દિનેશભાઈ શર્મા દ્વારા તાલીમ કાર્યક્રમમાં ઉપસ્થિત નોડલ ઓફિસરશ્રીઓને AISHEના વિવિધ પાસાઓની ઝીણવટભરી માહિતી આપી હતી તથા ઓ.એસ.ડી., NIRF-GSRIF, કે.સી.જી.ના ડૉ. ભીષ્મસિંહ દ્વારા મહત્વ સમજાવવામાં આવેલ હતું. વિશ્વવિદ્યાલય નોડલ ઓફિસર ડૉ. દિપેશ પટેલ દ્વારા તાલીમ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવેલ હતું. તાલીમ કાર્યક્રમમાં ૧૬૦ જેટલા કૉલેજોના નોડલ ઓફિસરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.






## વિશ્વવિદ્યાલયના રાષ્ટ્રીય સેવા યોજના (NSS) વિભાગના સંયોજક ડૉ. પ્રકાશચંદ્ર પટેલને સમગ્ર ગુજરાતમાં શ્રેષ્ઠ સંયોજક તરીકેનું પારિતોષિક પ્રાપ્ત થયું

દિનાંક ૦૭/૦૩/૨૦૨૪ના રોજ રાજ્યકક્ષાનાં રાષ્ટ્રીય સેવા યોજના પારિતોષિકનું ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ગુજરાત રાજ્યની તમામ વિશ્વવિદ્યાલયના રાષ્ટ્રીય સેવા યોજના (NSS) વિભાગના સંયોજકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના રાષ્ટ્રીય સેવા યોજના (NSS) વિભાગના સંયોજકશ્રી ડૉ. પ્રકાશચંદ્ર પટેલ હાજર રહ્યા હતા એટલું જ નહિ પરંતુ તેઓને રાષ્ટ્રીય સેવા યોજના (NSS)માં સમગ્ર ગુજરાત રાજ્યમાં શ્રેષ્ઠ સંયોજક તરીકેનું પારિતોષિક ગુજરાત સરકારના માનનીય શિક્ષણમંત્રીની પ્રફુલભાઈ પાનસેરિયાના હસ્તે પ્રાપ્ત થયો છે. જે વિશ્વવિદ્યાલય માટે ખૂબ ગૌરવવંતી બાબત છે. ડૉ. પ્રકાશચંદ્ર દ્વારા ખૂબ જ ઉલ્લેખનીય કાર્ય અને રાષ્ટ્રભકિત, સમાજજાગરણ, યુવાજાગરણ, સ્વાસ્થ્ય, સ્વચ્છતા બૌદ્ધિક, વાર્ષિક શિબિર વગેરે કાર્યક્રમો અને તેમની સક્રિયતાથી ખૂબ સર્જનાત્મક કાર્ય કર્યુ છે, તે કાર્યોને ધ્યાનમાં રાખીને આ પારિતોષિક પ્રાપ્ત થયેલ છે. આ ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવાર દ્વારા તેઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.






## Kerala ખાતે Wayanad Agrobiodiversity Startup Meet 2024માં VNSGUના મદદનીશ અધ્યાપકશ્રી અંકિતકુમાર ચાંગાવાળાને Sustainability Meet Design વિષય પર ચર્ચા અંગે આમંત્રિત કર્યા

MS Swaminathan Research Foundation (MSSRF), Wayanad, Kerala Startup Mission દ્વારા દિનાંક ૨/૩/૨૦૨૪ના રોજ Wayanad Agrobiodiversity Startup Meet 2024નું Wayanad, Kerala ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ઇન્ટીરિયર ડિઝાઈન વિભાગના મદદનીશ અધ્યાપકશ્રી અંકિતકુમાર ચાંગાવાળાને Sustainability Meet Design વિષય પર ચર્ચા અંગે આમંત્રિત કરવામાં આવ્યા હતા. જેમાં તેમને પેટન્ટેડ બામ્બૂ ચેરની જર્ની અંગે ચર્ચા કરી તેમજ લોકલ અવેલેબલ બામ્બૂ સ્પીસીસ દ્વારા અર્બન સીટીઝ અને તેની રોજિંદી જરૂરીયાતોને ધ્યાનમાં લઈ વિવિધ ફર્નિચર તેમજ પ્રોડકટ બનાવવા અંગે અને લોકલ બામ્બૂ ક્રાફટમેનને ઇકોનોમિકલ મજબૂત કઈ રીતે બનાવી શકાય તે અંગે તેમનો મંતવ્ય વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત વર્ષ ૨૦૧૭ કે જ્યારથી બામ્બૂને ટિમ્બર કેટેગરીમાંથી ગ્રાસ કેટેગરીમાં સરકારશ્રી દ્વારા મુકવામાં આવ્યા બાદ બામ્બૂ એ આવનારા ભવિષ્ય માટે ઇમારતી લાકડાની ગરિમા પૂરી પાડશે તેમજ બામ્બૂ અંગેના વિવિધ સ્ટાર્ટઅપ માટે પણ ખૂબ મોટા પ્રમાણમાં તક ઉદભવશે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત

વિશ્વવિદ્યાલય દ્વારા પણ વિદ્યાર્થીઓને બામ્બૂ સ્ટાર્ટઅપ અંગે ખૂબ જ પ્રોત્સાહન આપવામાં આવી રહેલ છે.

આ સ્ટાર્ટઅપ મીટમાં ડૉ. શ્રીદેવી સિંઘ, ડિરેક્ટર, CSIR-CFTRI, Ministry of Science and Technology, Mysore, ડૉ. દયાકાર રાવ, CEO, NutriHub & Principal Scientist, ICAR-IIMR, Hyderabad, ડૉ. અનૂપ અંબિકા, CEO કેરલા સ્ટાર્ટઅપ મિશન તથા શ્રી ઐયપ્પન એન., Assistant Industry Officer, Waynand હાજર રહી વિવિધ વિષયો પર ચર્ચા કરેલ હતી. શ્રી અંકિતકુમાર ચાંગાવાળાને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવાર તે બદલ શુભેચ્છાઓ પાઠવે છે.












## ગુજરાત યુવા સાંસદ ૨૦૨૪

ગુજરાત ગ્રીન સિટી ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે દિનાંક ૯ માર્ચ, ૨૦૨૪ના રોજ ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા યુવા સાંસદનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં આશરે ૮૫ વિશ્વવિદ્યાલયોના ૨૨,૦૦૦ વિદ્યાર્થીઓમાંથી ૫૫૦ જેટલા વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજ્યના ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, લોકસભાના મેમ્બરશ્રી સી.આર પાટીલ, પ્રદેશ સંગઠન મંત્રીશ્રી રત્નાકરજી અને આલોકજી દ્વારા આ કાર્યક્રમની શોભા વધારવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત દીપપ્રાગટ્યથી કરવામાં આવી હતી. પહેલા ૫૫૦ યુવા સાંસદોએ શપથવિધિ કરી અને ત્યારબાદ બિલ પાસ કરવાની પ્રક્રિયા શરૂ થઈ. ૫૫૦ વિદ્યાર્થીઓમાંથી ૩ સ્પીકર, ૧૫ જેટલા મંત્રીઓ અને સાંસદોએ મળીને ૫ બિલ પાસ કર્યા. જેમાં યુનિફોર્મ સિવિલ કોડ, કલમ ૩૭૦, AI અને સાયબર સુરક્ષા, પર્યાવરણીય ટકાઉપણું, રામ જન્મભૂમિની આર્થિક અસર, ઓલિમ્પિક ૨૦૩૬, અને અવકાશ સંશોધન ૨૦૪૮– ગગનયાન અને ચંદ્રયાન અંગે બિલ પાસ કરવામાં આવ્યા હતા. મહાત્મા મંદિરમાં એક દિવસ માટે યોજાયેલ આ કાર્યક્રમમાં વોટિંગ મશીન, ટ્રાન્સલેટર હેડફોન અને દુભાષિયાની સગવડ પણ કરી આપવામાં આવેલ હતી.

આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના અલગ અલગ વિભાગના નીચે મુજબના ૧૧ વિદ્યાર્થીઓનું વિશ્વવિદ્યાલય તરફથી પ્રતિનિધિત્વ કરવા બાયોટેકનોલોજી વિભાગના મદદનીશ અધ્યાપકશ્રી ડૉ. માનસીબેન મહેતા નોડલ અધિકારી સાથે મહાત્મા મંદિરમાં યુવા સાંસદમાં ગયા હતા.

| ક્રમાંક | નામ | ડિપાર્ટમેન્ટ |
|---|---|---|
| ૧. | નેહા પોપટ | Law |
| ૨. | દેબદીપ મુખર્જી | Law |
| ૩. | જોશુઆ માર્ટિન | આર્ટ્સ |
| ૪. | કહાની શાહ | પત્રકારત્વ |
| ૫. | રવિના રાજપુરોહિત | અંગ્રેજી |
| ૬. | ભાવિકકુમાર બી. ટંડેલ | શિક્ષણ |
| ૭. | પ્રજાપતિ સુરજકુમાર મુનેશભાઈ | આર્ટ્સ |
| ૮. | રાંઝા એની સિંહ | શિક્ષણ |
| ૯. | સાલ્વી હર્ષ | MBA |
| ૧૦. | પ્રજાપતિ સાગરકુમાર મુનેશભાઈ | કોમર્સ |
| ૧૧. | આશ્વી બરફીવાલા | MBA |

દરેક વિદ્યાર્થીને કાર્યક્રમમાં ભાગ લેવા બદલ સરકાર તરફથી સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું. યુવાનોએ પોતાનો જોશ બતાવી યૂથ વિઝન ૨૦૪૭ માટે ભારતને વિકસિત કરવામાં પૂર્ણ યોગદાન આપશે એ વાયદા સાથે સૌએ વિદાય લીધી. આ સમગ્ર ટીમને વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ઓ.એસ.ડી.ડૉ. પ્રકાશચંદ્ર પટેલ તથા સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવાર ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવે છે.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે મલ્ટિસ્પેશિયાલિટી હેલ્થ કેમ્પનું આયોજન

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવણીના ભાગરૂપે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીની ઉપસ્થિતિમાં મલ્ટિસ્પેશિયાલિટી હેલ્થ કેમ્પનું આયોજન વિશ્વવિદ્યાલય ખાતે દિનાંક ૧૩/૦૩/૨૦૨૪ ના રોજ, બુધવારે બપોરે ૦૧:૦૦ વાગ્યેથી સાંજે ૫:૦૦ વાગ્યે સુધી વિશ્વવિદ્યાલયના પ્રાર્થના હોલમાં રાખવામાં આવ્યું હતું. આ કેમ્પનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રી ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ, એકઝીકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓ ડૉ. પારૂલ વડગામા અને ડૉ. કશ્યપસિંહ ખરચિયા દ્વારા કરવામાં આવ્યું હતું તથા શ્રી સંજયભાઈ લાપસીવાલા અને શ્રીમતી અરુંધતીબેન દેસાઈની પ્રેરક ઉપસ્થિતિ હતી. આ કેમ્પનો લાભ વિશ્વવિદ્યાલયના તમામ મહિલા અધ્યાપકશ્રીઓ, શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ અને વિદ્યાર્થીનીઓ કુલ મળીને ૨૦૦ કરતા પણ વધારે મહિલાઓએ લીધો હતો. હાજર રહેનાર તમામ ડૉકટરશ્રીઓ તથા તેઓની ટીમને માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ દ્વારા પુસ્તકથી આવકાર આપવામાં આવ્યો હતો. આ સમગ્ર કેમ્પનું સંચાલન ડૉ. જાનકી મિસ્ત્રી, ડૉ. યશોધરા ભટ્ટ તથા શ્રીમતી કૈલાશબેન સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.

**સદર કેમ્પસમાં નીચે જણાવેલ તમામ ડૉકટરશ્રીઓ હાજર રહ્યા હતા:**

| | |
|---|---|
| 1 | Physician : Dr.Mita Passwala |
| 2 | Surgeon : Dr. Chetan Patel |
| 3 | Orthopaedic Surgen: Dr. Niral Shah |
| 4 | Cardiologist: Dr. Vismay Parmar |
| 5 | Intensivist: Dr. Ronak Nagoria |
| 6 | Dentist: Dr. Ankit Atodaria |
| 7 | Chest Physician: Dr. Parul Vadgama |
| 8 | Dermatologist : Dr. Jagdish Sakhiya |
| 9 | Gynaecologist: Dr. Sonia Chandani |
| 10 | Optometry: Bhartimaiya Optometry College |
| 11 | Homeopathic: C.D.Pachhigar College |
| 12 | Dietician : Dr. Dipti Kharachiya |
| 13 | Ayurvedic : Dr. Falguni Panchal |




















VEER NARMAD SOUTH
GUJARAT UNIVERSITY


50
GOLDEN
INDIAN DENTAL ASSOCIATION













## રાષ્ટ્રીય એકતા શિબિર (NIC)-૨૦૨૪માં સમગ્ર ગુજરાત રાજ્યમાંથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સ્વયંસેવકો/સેવિકાઓની પસંદગી

રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) વિભાગ, પ્રાદેશિક નિર્દેશાલય, ભુવનેશ્વર અને યુવા અને રમત મંત્રાલય ભારત સરકાર દ્વારા દિનાંક ૧૬/૦૩/૨૦૨૪ થી ૨૨/૦૩/૨૦૨૪ દરમિયાન ફકીરમોહન વિશ્વવિદ્યાલય, બાલાસોર, ઓડિસ્સા ખાતે રાષ્ટ્રીય એકતા શિબિર (NIC)-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં સમગ્ર ભારતભરના વિવિધ રાજ્યોની સંસ્કૃતિની ઓળખ કરાવતા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમગ્ર ભારતમાંથી વિવિધ રાજ્યના કુલ ૧૨૨ એન.એસ.એસ.ના સ્વયંસેવકો/સેવિકાઓ ભાગ લેશે. જે અંતર્ગત સમગ્ર ગુજરાત રાજ્યમાંથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાંથી ૪ સ્વયંસેવકો અને ૪ સ્વયંસેવિકાઓની પસંદગી કરવામાં આવી છે જે સમગ્ર વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય પરિવાર માટે ગૌરવની બાબત છે. આ સ્વયંસેવકો/ સેવિકાઓની સાથે માર્ગદર્શક તરીકે નૂતન ગ્રામ વિદ્યાપીઠ, થવાના એન.એસ.એસ. કાર્યક્રમ અધિકારી ડૉ. અજય પટેલ તેમની સાથે રહેશે. આ કુલ ૮ એન.એસ.એસ.ના સ્વયંસેવકો/સેવિકાઓ રાષ્ટ્રીય એકતા શિબિર (NIC)-૨૦૨૪માં ભાગ લઈ વીર નર્મદ દક્ષિણ ગુરાત વિશ્વવિદ્યાલય તેમજ સમગ્ર ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે. જે બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન.સી. ગઢવી તેમજ વિશ્વવિદ્યાલયના રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) વિભાગના સંયોજક ડૉ. પ્રકાશચંદ્ર તથા સમગ્ર વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય પરિવારે સ્વયંસેવકો/સેવિકાઓને શુભેચ્છાઓની સાથે ધન્યવાદ પાઠવ્યા હતા.




## ગુરુનાનકદેવ વિશ્વવિદ્યાલય, અમૃતસર ખાતે જનાર જિમનાસ્ટિક (ભાઈઓ–બહેનો)ની ટીમ

વિશ્વવિદ્યાલયમાંથી જિમનાસ્ટિક પ્રતિયોગિતામાં ગુરુનાનકદેવ વિશ્વવિદ્યાલય, અમૃતસર ખાતે રમવા માટે ભાઈઓ–બહેનોની ટીમ દિનાંક ૧૫/૦૩/૨૦૨૪ના રોજ રવાના થઈ. આ પ્રતિયોગિતામાં આપણી વિશ્વવિદ્યાલય તરફથી પ્રતિનિધિત્વ કરવા જનાર ખેલાડીઓનું ફોટો ફંકશન અને શુભેચ્છા સમારંભ યોજવામાં આવ્યો. જેમાં વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવીજીનો પરિચય યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પટેલ દ્વારા વિદ્યાર્થીઓને કરાવવામાં આવ્યો. ત્યારબાદ દરેક વિદ્યાર્થીનો પરિચય લઈને વિદ્યાર્થીઓને કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ આશીર્વચન કહ્યા હતા. જેમાં 6G વિશે વાત કરતાં સાદા મોબાઈલનો ઉપયોગ કરવા આગ્રહ કરવામાં આવેલ. ખાવાની બાબતમાં પણ જાગૃત રહેવા કહેવામાં આવેલ. વાણી–વર્તનમાં પણ સજાગ રહેવાનો આગ્રહ રાખેલ. હકારાત્મક વાતને વધારે કરવી જોઈએ. જેનાથી રમતમાં પણ હકારાત્મકતા આવશેની વાત કરી પ્રોત્સાહિત કર્યા હતા. ત્યારબાદ ડૉ. પ્રકાશચંદ્રજી પટેલે આભાર વ્યક્ત કર્યો હતો. ટીમના ભાઈઓના કોચશ્રી ફેનિલ પટેલ અને મેનેજર તરીકે પ્રો.લવ શર્મા અને બહેનોના કોચ અને મેનેજર તરીકે પ્રો.મિકેતા પટેલ સેવા આપી રહ્યા છે.

### (ભાઈઓ)ની આંતર વિશ્વવિદ્યાલય ટીમ:

| | |
|---|---|
| શ્રી વસાવા સ્મિત આર. | એસ.ડી.જે.ઇન્ટરનેશનલ કૉલેજ, વેસુ |
| શ્રી મોમિન મોહમદ તંવીર | એમ.ટી.બી.આર્ટસ કૉલેજ, અગ્રવાલ |
| શ્રી તોમર મોહિત એમ. | યુ.સી.સી.સી, ઉધના. |
| રાઠોડ કૈરવ આર. | એમ.આર.આર્ટસ એન્ડ સાયન્સ, રાજપીપળા. |
| શ્રી ચૌહાણ અરપ્રાંજસિંહ આર. | |
| શ્રી ઠાકોર નરેશજી એ. | |

### (બહેનો)ની આંતર વિશ્વવિદ્યાલય ટીમ:

| | |
|---|---|
| કુ.કલાલ દર્શના વી. | એમ.આર.આર્ટસ એન્ડ સાયન્સ, રાજપીપળા. |
| કુ.બાંભડાઈવાલા તુલસી એ. | એસ.ડી.જે.ઇન્ટરનેશનલ કૉલેજ, વેસુ |









## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે વિદેશી વિદ્યાર્થીઓને "ગેટ ટુગેધર" કાર્યક્રમ યોજાયો

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સેનેટ હોલ ખાતે આજ રોજ દિનાંક ૨૦/૦૩/૨૦૨૪ના રોજ વિદેશી વિદ્યાર્થીઓનું "ગેટ ટુગેધર" રાખવામાં આવ્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે ૧૧ દેશોના કુલ ૫૩ વિદેશી વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન.ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, ડૉ. સુનીલ શાહ, ડૉ. પ્રકાશ બચ્ચરવાલા, ડૉ. ભરત ઠાકોર, ડૉ. યશોધરા ભટ્ટ તથા ૩૦ જેટલા વિદેશી વિદ્યાર્થીઓએ મળીને વાર્તાલાપ કર્યો હતો. ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓએ પોતપોતાના અનુભવો શેર કર્યા હતા.










## કરાટે ઓલ ઇન્ડિયા પ્રતિયોગિતામાં રજક પદક




"આપણી યુનિવર્સિટી, આપણું ગૌરવ" એ વાતને યર્થાથ રીતે સાબિત કરતા વિદ્યાર્થીઓની જળહળતી સફળતા. આપણી વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાંથી પંજાબ વિશ્વવિદ્યાલય, ચંદીગઢ દ્વારા આયોજિત ઓલ ઇન્ડિયા કરાટે પ્રતિયોગિતામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. આ પ્રતિયોગિતામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના રાઠોડ કૃણાલ કે જેની ઉમર માત્ર ૨૧ વર્ષની છે તેમણે રજત પદક પ્રાપ્ત કરી વિશ્વવિદ્યાલયનું નામ રોશન કર્યું છે. આટલું જ નહિ પરંતુ તેઓએ ભારતમાં ક્રમ 1 (2021-2022), એશિયન રેન્ક 5(2021-2022) અને વર્તમાન વિશ્વ ક્રમ 36 પુરુષોની વ્યકિતગત કુમાઈટ–75 કિગ્રા, AKF U-21 એશિયન કરાટે ચેમ્પિયનશિપ 2022-5મું સ્થાન પ્રાપ્ત કરેલ છે, AKF કેડેટ્સ એશિયન કરાટે ચેમ્પિયનશિપ 2018માં 9મો ક્રમ મેળવેલ છે, 2022 નેશનલ કરાટે ચેમ્પિયનશિપમાં સુવર્ણ પદક, 2023 રાષ્ટ્રીય કરાટે ચેમ્પિયનશિપમાં રજક

પદક, દક્ષિણ પશ્ચિમ ઝોન આંતર વિશ્વવિદ્યાલયમાં સુવર્ણ પદક, 1-ભારતના નેશનલ સ્કૂલ ગેમ ફેડરેશનમાં સુવર્ણ પદક અને 3 કાસ્ય પદક (કાસ્ય પદક 2016, 2017, 2018) મેળવેલ છે. 2019માં સુવર્ણ ચંદ્રક, આંતર વિશ્વવિદ્યાલય રમતોમાં સુવર્ણ પદક, ઓલ ઇન્ડિયા વિશ્વવિદ્યાલય રમતોમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે. તેમની અતિ ઉત્કૃષ્ટસિદ્ધિ બદલ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી અને યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ઓ.એસ.ડી. ડૉ. પ્રકાશચંદ્ર પટેલ તથા સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવાર દ્વારા શ્રી મોહન પટેલ, ગુજરાત ચીફ ઈન્સ્ટ્રક્ટર, ટીમના મેનેજર, કોચ–ચેતન ઉમરીગર અને રમવા ગયેલ દરેક વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવ્યા હતા.

## એન્ટીરેગીંગ સેલ અંગેની મિટિંગ




દિનાંક ૨૧/૦૩/૨૦૨૪ના રોજ એન્ટીરેગીંગ સેલ અંગેની મિટિંગ મળી હતી, જેમાં અધ્યક્ષ સ્થાને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, કમિટીના સભ્યશ્રી ડૉ. મુકેશભાઈ ગોયાણી, ડૉ. હિતેશભાઈ વાઘેલા, ડૉ. ભરત ઠાકોર, ડૉ. યશોધરાબેન ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. હાલમાં શિક્ષણ વિભાગ દ્વારા પરિપત્ર દ્વારા એન્ટીરેંગીંગની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. તે અંગેની સંપૂર્ણ કાર્યવાહી થાય તે હેતુસર આ બેઠકમાં વિવિધ કૉલેજોમાં નવા સત્રમાં પ્રવેશ મેળવ્યા બાદ એન્ટીરેંગીગની જાણકારી આપવામાં આવે તથા જે–તે મહાવિદ્યાલયની સ્થાનિક કમિટીની રચના કરવામાં આવે અને તેની માહિતી વિશ્વવિદ્યાલયના એન્ટીરેગીગ સેલને મોકલવામાં આવે તેવું સૂચન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વધુમાં માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાનેથી નવા વર્ષ ૨૦૨૪–૨૫માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓમાં એન્ટીરેંગીગ સેલ અંગેના અભિમુખતા કાર્યક્રમ યોજવા અંગેનું સુચન કરવામાં આવ્યું હતું. તેમજ મહાવિદ્યાલય/સંસ્થાઓમાં વર્ષ ૨૦૨૩–૨૪ના એન્ટીરેગીગ અંતર્ગત જીઓટેગ દ્વારા ફોટો, માહિતી તેમજ વર્ષ દરમિયાન થયેલ કાર્યક્રમોના અહેવાલ અંગેની માહિતી મંગાવવા અંગેની સૂચનાઓ આપવામાં આવી હતી. આ ઉપરાંત વિવિધ કાર્યક્રમો, બેનરો તથા સૂચનોના બોર્ડ બનાવવા માટેના ચર્ચા–વિચારણા કરવામાં આવી હતી.

## Department of Economics

### અર્થશાસ્ત્ર વિભાગ ખાતે વોટર અવેરનેસ કાર્યક્રમ




દિનાંક ૦૪/૦૩/૨૦૨૪ ના રોજ બપોરે ૦૨:૦૦ કલાકે અર્થશાસ્ત્ર વિભાગના સભા ખંડ ખાતે નવા મતદાતાઓને મતદાનની જાગૃત્તિ માટે અર્થશાસ્ત્ર વિભાગ, જિલ્લા વહીવટી વિભાગ અને નહેરુ યુવા કેન્દ્ર સુરતના સહયોગથી "Intensive Voter Awareness and Registration Drive"નો સરસ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ચોર્યાસીના મામલતદારશ્રી એન.એસ.પારિતોષ, નાયબ મામલતદાર ઉષાબેન ચૌધરી અને આશિષભાઈ ચૌહાણ, નહેરુ યુવા કેન્દ્રના તાલુકા સંયોજકશ્રી ગૌરવભાઈ પડાયા, અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપકો, EVMના ટેકનિકલ સ્ટાફ અને ૧૫૦ જેટલા વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો હાજર રહ્યા હતાં. કાર્યક્રમની શરૂઆત અર્થશાસ્ત્ર વિભાગ અને વિશ્વવિદ્યાલય તરફથી મહેમાનોનું પુસ્તક દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી ગૌરવભાઈ પડાયા દ્વારા નહેરુ યુવા કેન્દ્ર વિશે માહિતી અને કાર્યક્રમની રૂપરેખા આપી હતી. મામલતદારશ્રી એન. એસ. પારિતોષ દ્વારા વિદ્યાર્થીઓને ચૂંટણી વિશેના સામાન્ય પ્રશ્નો સાથે સરળ શબ્દોમાં મતદાનની જાગૃત્તિ માટે મોટીવેટ કર્યા હતાં. ત્યારબાદ ૬૦ જેટલા વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ મતદાનનો અનુભવ કરાવવામાં આવ્યો હતો અને આ સાથે તેમના મનની મૂંઝવણનું કારણ બનતા પ્રશ્નોનું નિવારણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉદ્ઘોષકની ભૂમિકા વિભાગના શ્રી મેરાભાઈ જમોડની રહી હતી.

### વાર્ષિક મહોત્સવ, ઇનામ વિતરણ સમારંભ અને વિદાઇ સમારંભની ઉજવણી

દિનાંક ૦૭/૦૩/૨૦૨૪નાં રોજ વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગમાં વિદ્યાર્થીઓ માટે વાર્ષિક મહોત્સવ, ઇનામ વિતરણ સમારંભ અને વિદાઈ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે વિશ્વવિદ્યાલયનાં કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત અતિથિનાં વરદ–હસ્તે દીપ પ્રાગટયા અને પ્રાર્થનાથી પરંપરાગત રીતે કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એમ.એ. સેમેસ્ટર–૨માં અભ્યાસ કરતી હીરપરા આરતી અને ભોજક વૈદેહી દ્વારા કરવામાં આવ્યું હતું. મુખ્ય અતિથિ ડૉ. આર.સી.ગઢવી,

વિભાગનાં અધ્યક્ષશ્રી ડૉ. ગૌરાંગ રામી અને વિભાગના અધ્યાપકો, વહીવટી કર્મચારી અને સેવકભાઈ અને બહેનનું સ્વાગત વિદ્યાર્થીઓ દ્વારા વિશ્વવિદ્યાલયનાં ખેસ અને પુસ્તક ભેટ સ્વરૂપે આપીને કરવામાં આવ્યું હતું. ડૉ. આર.સી.ગઢવી દ્વારા વિદ્યાર્થીઓ માટે વકતવ્ય રજૂ કરવામાં આવ્યું. જેમાં ઉજવળ કારકિર્દી માટે શુભકામનાઓ તથા માર્ગદર્શન પાઠવવામાં આવ્યું. ત્યારબાદ વિભાગનાં અધ્યક્ષ ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા વિદ્યાર્થીઓને સંબોધિત કરવામાં આવ્યા. જેમાં વિદ્યાર્થીઓને ઉજ્વળ ભવિષ્ય માટે શુભકામનાઓ તથા વિભાગનાં દ્વારા હંમેશા વિદ્યાર્થીઓ માટે ખુલ્લા રહેશે હંમેશા વિભાગ વિદ્યાર્થીઓનાં હિત માટે મદદગાર અને માર્ગદર્શક બની રહેશે તેવી લાગણી વ્યકત કરી. ત્યારબાદ વર્ષ દરમિયાન જુદી જુદી ઈત્તર પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓ દ્વારા ભાગ લઈ વિજેતા થનાર વિદ્યાર્થીઓને કુલસચિવશ્રી, વિભાગીય અધ્યક્ષ, અને અન્ય અધ્યાપકોનાં વરદ હસ્તે પ્રમાણપત્ર અને પારિતોષિક ઇનામ તથા ભેટ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. અંતે એમ.એ.સેમેસ્ટર–૨ અને ૪માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા જુદી જુદી સાંસ્કૃતિક નૃત્યની કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. અંતે વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓ દ્વારા વિભાગનો આભાર પ્રગટ કર્યો.




















## Department of Physics

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ભૌતિકશાસ્ત્ર વિભાગમાં ભવ્ય રીતે યોજાયું ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ભૌતિકશાસ્ત્ર વિભાગ ખાતે દિનાંક ૧૩/૦૩/૨૦૨૪ના રોજ વિભાગનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજાયુ હતું. જેમાં બહોળી સંખ્યામાં ભૂતપૂર્વ વિદ્યાથીઓ હાજર રહ્યા હતાં. જેમાં ખૂબ જ સિનિયર વિદ્યાર્થીઓની શરૂ કરી હાલમાં અનુસ્નાતક અભ્યાસક્રમ પૂર્ણ કરનાર  વિદ્યાર્થીઓ હાજર રહી જૂના અને નવા સંસ્મરણો યાદ કર્યા હતા. ૧૯૮૪–૧૯૮૬ની બેચમાં અભ્યાસક્રમ પૂર્ણ કરનાર પ્રો. અનિલભાઈ ભટ્ટ (હેડ, ભૌતિકશાસ્ત્ર વિભાગ, નવયુગ કોમર્સ કૉલેજ) પોતાના વકતવ્યમાં તે સમયનો ચિતાર રજૂ કર્યો હતો. પ્રો. અતુલભાઈ શાહ (હેડ, ભૌતિકશાસ્ત્ર, વિભાગ ખોલવડ કૉલેજ) પોતાનાં અભ્યાસકાળમાં ભોગવવી પડેલી મુશ્કેલી અને કરવી પડતી મહેનત અંગે જણાવ્યું હતું. હાલમાં નિવૃત થયેલા પ્રો.વી. જી. જોષીએ વધતી  જતી હરીફાઈ અને ઘટતી જતી મહેનત અંગે જણાવ્યું હતું અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનાં કર્તવ્ય અંગે વાત મૂકી હતી. ડૉ. જિતેન્દ્ર ઢીમરે નવા અભ્યાસક્રમમાં વિદ્યાર્થી સૂચિત કરવામાં આવેલ ફેરફારો અંગે જણાવ્યું હતું. ઈલેકટ્રોનિક સોફટસ્કીલમાં પોતાની આઈ.ટી.કંપની સંભાળતા વિરલભાઈ કાંટાવાળાએ આ નવા ક્ષેત્રમાં ખૂલેલી તકો અંગે અને વિશ્વવિદ્યાલય અને ઉદ્યોગની સહભાગીદારી અંગે વાત કરી હતી. વિવિધ શાળાઓનાં આચાર્યો, વિવિધ મહાવિદ્યાલયમાં અધ્યાપક તરીકે સેવા બજાવતા પ્રાધ્યાપકો, વિવિધ શાળાઓનાં શિક્ષક તરીકે સેવા બજાવતા શિક્ષકો, મિત્રો, પોતાની કંપની ધરાવતા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને પોતાના અનુભવો તથા પરંપરાગતતા અંગે વાતો વર્ણવી હતી. આ વિભાગનું વાતાવરણ હંમેશા અમને પ્રેરણા આપે છે. સખત અને સતત મહેનત કરવામાં આનંદ અનુભવીએ છીએ. એટીકેટી કે નાપાસ થયેલા પણ પ્રોફેસરો માટે માનથી જોવાનો સીરસ્તો ઓછા સ્થાનોએ છે. જેમાં આપણા વિભાગનો સમાવેશ થાય છે. તમામ દ્વારા વિવિધ સૂચનો પણ થયા હતા. કાર્યક્રમને સફળ બનાવવા પ્રો. ઇશ્વરભાઈ પટેલ અને સમિતિએ અથાગ પ્રયત્નો કર્યા હતાં. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબે આર્શીવચન પાઠવ્યા હતા તથા વિભાગીય અધ્યક્ષ ડૉ. કે.સી.પોરિયાએ વિભાગના વિકાસગાથાની ચર્ચા કરી હતી.












## Department of Rural Study

### મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ દ્વારા વાર્ષિકોત્સવ અને વિદાય સમારંભ ઉજવણીનો કાર્યક્રમ યોજાયો

મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ દ્વારા દિનાંક ૨૩/૦૩/૨૦૨૪ના રોજ વાર્ષિકોત્સવ અને વિદાય સમારંભ કાર્યક્રમની ઉજવણી વિભાગના ઇ.વિભાગીય વડાશ્રી ડૉ. દીપક ભોયેના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. આયોજિત કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ અને સમાજશાસ્ત્ર વિભાગના વડા પ્રો.ડૉ. મધુભાઈ ગાયકવાડ ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામ અભ્યાસ વિભાગના ઇ.અધ્યક્ષ ડૉ. દીપક ભોયે દ્વારા કાર્યક્રમને અનુરૂપ પ્રાસંગિક ઉદ્બોધનમાં વિદાય લઈ રહેલાં વિદ્યાર્થીઓને જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયમાં કુલપતિશ્રી ચાવડા સાહેબ દ્વારા પોતાના ઉદ્બોધનમાં વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પોતાના વિભાગ અને વિશ્વવિદ્યાલયને કઈ રીતે ઉપયોગી બની શકે છે તથા વિભાગ અને વિશ્વવિદ્યાલયના વિકાસ માટે તેમની ભૂમિકા ખૂબ મહત્વની ગણાવી તેમણે વિદ્યાર્થીઓને આ કાર્યક્રમને વિદાય સમારંભ તરીકે નહી પરંતુ જીવનનો શુભારંભ સ્વરૂપે તેમના ઉજ્જવળ ભવિષ્ય માટેની શુભેચ્છાઓ પાઠવી હતી. કુલપતિશ્રી ચાવડાના હસ્તે વિભાગના દરેક વિદ્યાર્થીઓને પ્રમાણપત્રનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બી.આર.એસ. અને એમ.આર.એસ. પ્રથમ વર્ષની વિદ્યાર્થીનીઓ દ્વારા રજૂ કરવામાં આવેલ અલગ અલગ સાંસ્કૃતિક કૃતિઓમાં આદિવાસી નૃત્ય દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત સૌનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આ પ્રસંગે વિદાય લઈ રહેલ એમ.આર.એસ.દ્વિતીય વર્ષ સેમ-૪ના વિદ્યાર્થીઓને એમ.આર.એસ. પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા સ્મૃતિભેટ આપી, તેઓની કારકિર્દી માટે શુભેચ્છાઓ આપી હતી અને વિભાગના વિદ્યાર્થીઓએ તેમને થયેલ વિભાગના શૈક્ષણિક અને ક્ષેત્રકાર્યના વિવિધ અનુભવો રજૂ કર્યા હતા. કાર્યક્રમમાં ગ્રામ અભ્યાસ વિભાગના તમામ અધ્યાપકો, BRS (SD) અને MRSના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિભાગના વિદ્યાર્થીની નયના જમોડ અને સુધીર સિસોદિયા દ્વારા કરવામાં આવ્યું હતું.
















## Department of Sociology

### "ગવર્મેન્ટ સ્કીમ્સ એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ" થીમ ઉપર એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સમાજશાસ્ત્ર વિભાગમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબ અને કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવીના માર્ગદર્શન હેઠળ દિનાંક ૧૬ માર્ચ ૨૦૨૪ના રોજ ગવર્મેન્ટ સ્કીમ્સ એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ થીમ ઉપર એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે મુંબઈ વિશ્વવિદ્યાલય, સમાજશાસ્ત્રના વિભાગીય અધ્યક્ષ પ્રો. બાલાજી કેન્દ્રેએ, "ગવમેન્ટ સ્કીમ્સ એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ ઇન ઇન્ડિયા" વિષય ઉપર વિદ્વતાપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં તેમણે ગ્રામીણ સમુદાયની વૈવિધ્યતાને ધ્યાને રાખીને સરકારી યોજનાઓ દ્વારા ગ્રામીણ સમુદાયના વિકાસ માટે રસપ્રદ સૂચનો કર્યા હતા. આ પરિસંવાદમાં પ્રો. રમેશ મકવાણા પેનલ–૧ અને પ્રો.મહેશ ગામિતે પેનલ–૨માં કી–પેપર રજૂ કર્યા હતા. આ પરિસંવાદમાં ગુજરાતની વિવિધ વિશ્વવિદ્યાલયના અધ્યાપકો અને પીએચ.ડી. સ્કોલરો દ્વારા વિવિધ સરકારી યોજનાઓ જેવી કે અન્ય યોજનાઓ તેમજ મહિલા સશકિતકરણ જેવા વિષયો ઉપર સંશોધન પત્રો રજૂ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. આર.સી. ગઢવીએ પ્રસંગ અનુરૂપ વ્યાખ્યાન આપ્યું હતું. કાર્યક્રમમાં પરિસંવાદના કન્વીનર અને અધ્યક્ષ ડૉ.એમ.એન.ગાયકવાડ, કૉ–કન્વીનર ડૉ. અરુણ પંડયા તેમજ વિભાગનાં અધ્યાપકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન ડૉ.મોસમ ત્રિવેદી તથા આભારવિધિ ડૉ. બહાદુરસિંહ વસાવાએ કરી હતી.


















## મહાવિદ્યાલય સમાચાર

## જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

### પરમ પૂજ્ય શ્રી કાંતિકાકાને પુષ્પાંજલિ અર્પણના કાર્યક્રમનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજમાં પ્રભારી આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણાસાહેબના નેતૃત્વ હેઠળ દિનાંક ૦૪–૦૩–૨૦૨૪નાં રોજ જીવન જ્યોત ટ્રસ્ટના આદ્યસ્થાપક અને દેહદાતા આદરણીય પરમ પૂજ્યશ્રી કાંતિકાકાની બારમી પૂણ્યતિથિ નિમિત્તે "શ્રી કાંતિકાકાને પુષ્પાંજલિ અર્પણ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે જીવન જ્યોત ટ્રસ્ટના માનદ મંત્રીશ્રી આદરણીયણ અનુજભાઈ શાહ અને સભ્યશ્રી આદરણીય સ્નેહલભાઈ શાહ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન IQAC Co-Ordinater પ્રા.ડૉ. સેજલબેન દેસાઈએ કર્યું હતું. કાર્યક્રમમાં NSS પ્રોગ્રામ ઓફિસરશ્રી, એન.સી.સી. કેર ટેકર ઓફિસર, શૈક્ષણિક, વહીવટી સ્ટાફમિત્રોએ ભાગ લીધો હતો.

### વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા DIY KIT ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, અમરોલીમાં પ્રભારી પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાસાહેબના માર્ગદર્શન હેઠળ KCG અને IQAC વિભાગના સંયુક્ત ઉપક્રમે દિનાંક ૦૫ અને ૦૬–૦૩–૨૦૨૪ને રોજ સવારે ૯:૦૦ વાગ્યાથી બપોરે ૧૨:૦૦ કલાક દરમિયાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય હેઠળ 'DIY KIT ટ્રેનિંગ' તાલીમનું ૦૨ દિવસીય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રેનર તરીકે આદરણીયશ્રી જેવિનભાઈ સી. કલસરિયાએ વિદ્યાર્થીઓને તાલીમ પૂરી પાડી હતી.

આ પ્રોગ્રામમાં ઈલેક્ટ્રોનિક્સ, મિકેનિકલ, 3D પ્રિન્ટીંગ, રોબોટ ડેવલોપમેન્ટ, પ્રોટોટાઈપિંગ, ગિયર્સ, સ્ટ્રકચર્સ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, મશીન લર્નિંગ અને એવિએશન ટેકનોલોજી જેવા વિવિધ પાસાઓ આવરી લેવામાં આવ્યા હતા. જેમાં ૧૨૦ વિદ્યાર્થીઓ અને ૦૪ પ્રાધ્યાપકોએ ભાગ લીધો હતો. સમગ્ર વર્કશોપનું આયોજન ઇનોવેશન કલબના સંયોજક પ્રા. બિંદુબેન એ. ઠાકોર દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ પ્રા. પ્રિયંકાબેન બેરા, પ્રા.સુરભીબેન કાછિયા અને પ્રા. નિધિબેન વેકરિયાએ ઇનોવેશન કલબના સભ્ય તરીકે મહત્વની ભૂમિકા ભજવી હતી.






### "વિદેશોમાં શૈક્ષણિક કારકિર્દી" પરિસંવાદનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં દિનાંક ૦૪–૦૩–૨૦૨૪ને સોમવારના રોજ નેશનલ ગ્રુપ અને મહાવિદ્યાલયનાં IQAC વિભાગના સંયુક્ત ઉપક્રમે ઇ.ચા. પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાસાહેબના માર્ગદર્શન હેઠળ 'વિદેશોમાં શૈક્ષણિક કારકિર્દી' પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે નેશનલ ગ્રુપના આદરણીય શ્રીમતી અર્ચનાબેન ખત્રી હાજર રહી વિદ્યાર્થીઓને વિદેશમાં શૈક્ષણિક કારકિર્દી આયોજન અને વિદેશમાં શિક્ષણ લેવા માટેની તમામ જરૂરી માહિતી આપવામાં આવી હતી. પરિસંવાદમાં ઉપસ્થિત મુખ્ય વકતા અને મહેમાનોનું સ્વાગત IQACના સંયોજક પ્રા. ડૉ. સેજલબેન દેસાઈએ પુસ્તક દ્વારા કર્યુ હતું. પરિસંવાદમાં ઉપસ્થિત મુખ્ય વકતાનો પરિચય પ્રા. ભ્રાતીબેન ગોહેલે

આપ્યો હતો. દશ્ય–શ્રાવ્ય સાધનો દ્વારા સમગ્ર વાતાવરણ આનંદ અને ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. મહાવિદ્યાલયના NSS, NCC સહિત રસ ધરાવતા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સમગ્ર પરિસંવાદનું સંચાલન નેશનલ ગ્રુપના કુ. નિલમ મુકાની અને આભારવિધિ પ્રા. ક્રિષ્નાબેન દેવાણી દ્વારા કરવામાં આવી હતી.

## ટી.વાય.બી.એ.ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં દિનાંક ૦૫–૦૩–૨૦૨૪ના રોજ પ્રભારી પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાના માર્ગદર્શન હેઠળ IQAC અને ટી.વાય.બી.એ.ના વિદ્યાર્થીઓ દ્વારા સંયુકત ઉપક્રમે વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રભારી આચાર્યશ્રી ડૉ.રાજેશકુમાર ડી. રાણાસાહેબ, પ્રા. રુદ્રનાથ ઝા, પ્રા. હેમાબેન દવે, પ્રા. વિજયભાઈ ચૌધરી અને પ્રા. ડૉ. રીતુ અગ્રવાલે આશીર્વચન આપી તેમની કારકિર્દીમાં વધુને વધુ આગળ વધે તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. દર વર્ષે દિનાંક ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીના રોજ વિદ્યાર્થીઓ આવતા રહે તેવું આમંત્રણ પણ પાઠવ્યું હતું. ટી.વાય.બી.એ.ના વિદ્યાર્થીઓએ ત્રણ વર્ષ દરમિયાન મહાવિદ્યાલયમાં થયેલ અનુભવોને પ્રતિભાવ રૂપે રજૂ કર્યા હતા. સમગ્ર વાતાવરણ લાગણીસભર બની રહ્યું હતું. સમગ્ર સમારંભનું આયોજન અને સંચાલન ટી.વાય.બી.એ.ના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

## "Excel Essentials for Research" પર પરિસંવાદનું આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં દિનાંક ૧૧–૦૩–૨૦૨૪ના રોજ રીસર્ચ સેન્ટર અને IQACના સંયુકત ઉપક્રમે પ્રભારી પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી.રાણાસાહેબના માર્ગદર્શન હેઠળ "Excel Essentials for Research" વિષય પર એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, નેત્રંગના મદદનીશ અધ્યાપક ડૉ.મોનિકા શાહ હાજર રહી દશ્ય–શ્રાવ્ય સાધનો અને Microsoft Excel દ્વારા રીસર્ચ કઈ રીતે કરી શકાય તે અંગેની ખૂબ જ સારી સમજ પ્રેકટીકલ દ્વારા રીસર્ચના વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. જેથી રીસર્ચ સ્ટુડન્ટસ પોતાના સંશોધનનું વિશ્લેષણ સરળતાથી કરી શકે. પરિસંવાદમાં ઉપસ્થિત મુખ્ય વકતાનું સ્વાગત પ્રભારી પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી.રાણાએ કર્યું હતું તથા રીસર્ચ સેન્ટરના સંયોજક પ્રા. ડૉ. કૃતિ પટેલે પરિચય આપ્યો હતો. પરિસંવાદ અંગેની પૂર્વ ભૂમિકા IQACના સંયોજક પ્રા. ડૉ. સેજલબેન દેસાઈએ આપી હતી. સમગ્ર વાતાવરણ આનંદ અને ઉત્સાહપૂર્ણ રહ્યું હતું. રીસર્ચ સ્ટુડન્ટસ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમગ્ર પરિસંવાદનું સંચાલન પ્રા. રાજ ડુમસિયા દ્વારા અને આભારવિધિ પ્રા.ડૉ. મનીષભાઈ ટેલર દ્વારા કરવામાં આવી હતી. પરિસંવાદના અંતે તમામ સંશોધન કરનાર વિદ્યાર્થીને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.



## એમ.કોમની વિદ્યાર્થીનીઓનો વિદાય સમારંભ



જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીમાં દિનાંક ૧૦–૦૩–૨૦૨૪ના રોજ પ્રભારી પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાસાહેબના માર્ગદર્શન હેઠળ IQAC અને એમ.કોમ.ની વિદ્યાર્થીનીઓ દ્વારા સંયુકત ઉપક્રમે વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રભારી આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, પ્રા. ડૉ. ચિરાગભાઈ સિધ્ધપુરિયા, પ્રા.ડૉ. શોભનાબેન પ્રજાપતિ, પ્રા.ડૉ. ધ્રુવભાઈ ગાંગડવાલા, પ્રા.ડૉ. તેજસભાઈ શાહ, પ્રા. ડૉ. નિલેશભાઈ પટેલ, પ્રા. સ્વર્ણિમાબેન જૈન અને શ્રી રાહુલભાઈ પટેલે આશીર્વચન આપી તેમની કારકિર્દીમાં વધુને વધુ આગળ વધે તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. દર વર્ષે દિનાંક ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીના રોજ વિદ્યાર્થીઓ આવતા રહે તેવું આમંત્રણ પણ પાઠવ્યું હતું. એમ.કોમ.ની વિદ્યાર્થીનીઓએ બે વર્ષ દરમિયાન મહાવિદ્યાલયમાં થયેલ અનુભવોને પ્રતિભાવ રૂપે રજૂ કર્યા હતા. સમગ્ર વાતાવરણ લાગણીસભર બની રહ્યું હતું. સમગ્ર સમારંભનું આયોજન અને સંચાલન એમ.કોમ.ની વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

## પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### કેમ્પસ ઇન્ટરવ્યૂનું આયોજન થયું







જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો. વી. બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર. વી. પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલીમાં ટી.વાય.બી.બી.એ. અને બી.કોમના વિદ્યાર્થીઓને રોજગારી મળી રહે એવા ઉમદા આશયથી દિનાંક ૦૬/૦૩/૨૦૨૪ના રોજ કેમ્પસ ઇન્ટરવ્યૂનું આયોજન છાપરાભાઠા મહાવિદ્યાલય કેમ્પસ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૧૧ બેન્કિંગ અને નોન બેંકિંગ કંપનીઓ જેવી કે HDFC Bank, Kotak Mahindra Bank, Indusind Bank, Yash Bank, Muthoot Finance, Lifl, Axis Bank, Bhaskar Exim, Vraj Digital Tiles. A.V.Paghdal & Co. (CA Firm), Bajaj Capital વિદ્યાર્થીઓના કેમ્પસ ઇન્ટરવ્યૂ પ્રક્રિયા માટે હાજર રહી હતી. કેમ્પસ ઇન્ટરવ્યૂમાં મહાવિદ્યાલયના ૨૦૮ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે પૈકી ૧૪૯ વિદ્યાર્થીઓને કંપનીઓ દ્વારા પસંદગી કરવામાં આવેલ છે. કેમ્પસ ઇન્ટરવ્યૂ કંપનીઓ તરફથી વાર્ષિક ૨.૫ લાખથી ૫.૫ લાખના પેકેજ ઑફર થયા હતા. સમગ્ર પ્લેસમેન્ટ પ્રક્રિયાનું સંચાલન આચાર્ય ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ ઓફિસર પ્રા. ડૉ. ધ્રુવ ગાંગાડવાલા તેમજ પ્રા. સોયેબ મેમણ દ્વારા કરવામાં આવ્યું હતું. જીવન જ્યોત ટ્રસ્ટ પસંદગી પામેલા ઉમેદવારોને કોર્પોરેટ જગતમાં તેમની ઉજ્જવળ કારકિર્દી માટે અભિનંદન પાઠવે છે.

### પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, અમરોલીના વિદ્યાર્થીઓએ સુમુલ ડેરીની મુલાકાત લીધી










જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રો.વી.બી.શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલીમાં ચાલતા અભ્યાસક્રમ પૈકી બી.બી.એ.ના બીજા વર્ષના કુલ ૧૧૦ જેટલા વિદ્યાર્થીઓ માટે ઇન્ડસ્ટ્રિયલ વિઝિટના ભાગ રૂપે દિનાંક ૧૨–૦૩–૨૦૨૪ના રોજ સુમુલ ડેરીના CSO શ્રી જી.એ.શેખની મંજુરીથી મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને

સુમુલ ડેરીના વિવિધ પ્લાન્ટ જેવા મિલ્ક પેકીગ, કુલ સ્ટોરેજ, બટર મેંકિગ, પનીર મેકિંગ, ઘી પાઊચ પેકિંગ તેમજ બેકરીની વિવિધ પ્રોડકટ અંગે સુમુલ ડેરીના ગાઈડ દ્વારા વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી. "ઇનોવેટીવ ટીચીંગ"ના ભાગ રૂપે વિદ્યાર્થીઓમાં મોટાપાયે વ્યવસાયિક કામગીરીની સમજ, જીવનમાં મોટા સ્વપ્ન જોવાની, પ્રેરણા, યુવા પેઢીને આવતીકાલના ઉદ્યમી, નવીનતા અને સિદ્ધિ મેળવનાર બનાવવામાં મદદ કરે તે માટે મહાવિદ્યાલય દ્વારા કંપની/ડેરીઓની મુલાકાત કરવામાં આવે છે. આ કાર્યક્રમ અને મુલાકાતનું આયોજન આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણીના માર્ગદર્શન હેઠળ પ્રા.ડૉ.સ્વાતી મહેતા, પ્રા.ડૉ.નિલેશ પટેલ, પ્રા.સોયેબ મેમણ દ્વારા સફળ રીતે કરવામાં આવ્યું હતું.

## અમરોલી સ્વનિર્ભર બી.બી.એ.કૉલેજ દ્વારા અદાણી, હઝીરા પોર્ટની મુલાકાત લેવાઈ

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી ચાલતા અભ્યાસ પૈકી બી.બી.એ.વિભાગ દ્વારા અદાણી ફાઉન્ડેશનના "પ્રોજેક્ટ–ઉડાન" અંતર્ગત ટી.વાય.બી.બી.એ.ના ૫૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૦૨ પ્રાધ્યાપકો સાથે દિનાંક ૧૮ માર્ચ, ૨૦૨૪ના રોજ અદાણી પોર્ટ, અદાણી વીલમર, હજીરા ખાતે મુલાકાત ગોઠવવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને પોર્ટ મેનેજમેન્ટ, પોર્ટની વિવિધ મશીનરી, ટેંક તેમજ અન્ય વિવિધ બાબતો અંગે વિશેષ માહિતી અને તેની પ્રક્રિયાઓને સંપૂર્ણ સમજ અદાણી પોર્ટ, હજીરાના પ્રોજેક્ટ સંયોજક ક્રિષ્નાબેન નકરાણી દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. 'ઇનોવેટીવ ટીચીંગ'ના ભાગ રૂપે વિદ્યાર્થીઓમાં મોટાપાયે વ્યવસાયિક કામગીરીની સમજ, જીવનમાં મોટા સ્વપ્ન જોવાની પ્રેરણા, યુવા પેઢીને આવતીકાલના ઉદ્યમી, નવીનતા અને સિદ્ધિ મેળવનાર બનાવવામાં મદદ કરે તે માટે મહાવિદ્યાલય દ્વારા કંપનીઓની મુલાકાત લઈ આવા નવીનતર પ્રયોગ સતત કરવામાં આવે છે. આ સમગ્ર કાર્યક્રમ અને મુલાકાતનું આયોજન મહાવિદ્યાલય આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણી, બી.બી.એ. સંયોજક ડૉ. સ્વાતી મહેતાના માર્ગદર્શન હેઠળ પ્રા.ડૉ. નિલેશ પટેલ અને પ્રા.શ્વેતા રાજપૂત દ્વારા સફળ રીતે કરવામાં આવ્યું હતું.







## સેલ્ફ ફાઇનાન્સ કૉલેજ, છાપરાભાઠા, અમરોલી ખાતે ગ્રાહક સુરક્ષા અંગે ના કાયદા તેમજ AIના ઉપયોગ અંગેની સમજ આપતો કાર્યક્રમ યોજાયો

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત અમરોલી સેલ્ફ ફાઈનાન્સ કૉલેજ છાપરાભાઠા ખાતે દિનાંક ૧૮/૩/૨૦૨૪ના રોજ દક્ષિણ ગુજરાત ગ્રાહક સુરક્ષા, શિક્ષણ અને સંશોધન કેન્દ્ર, સુરતના સહયોગથી વિદ્યાર્થીઓ માટે ગ્રાહક સુરક્ષા અંગેના કાયદા તેમજ AIના ઉપયોગ અંગેની સમજ આપતો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન શ્રી વિરાજ છાપિયા (એડવોકેટ, પ્રોગ્રામ ઓફિસર) તેમજ શ્રીમતી શોભના છાપિયા (એડવોકેટ–હાઈકોર્ટ, મહિલા અધ્યક્ષ) ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ અંતર્ગત તેમને અનેક વિધ બનાવો અને તેમાં થયેલ ગ્રાહક તરફી ફરિયાદોના ઉદાહરણ આપીને વિદ્યાર્થીઓ ગ્રાહક તરીકે જો કોઈ સમસ્યા હોય તો કેવી રીતે ગ્રાહક સુરક્ષા કોર્ટનો સંપર્ક કરવો તેમજ સંસ્થાના વિવિધ ટોલફ્રી નંબર ઉપર ફરિયાદ કરતી વખતે ધ્યાને રાખવાની બાબતોની સમજ આપી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહાવિદ્યાલયના આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ સંયોજક ડૉ. વિરલ પોલિશવાલા અને શ્રી ભરત બસરાનીએ કર્યુ હતું.






## એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

### તેજસ્વી તારલાઓનું સન્માન સમારોહ

અત્રેની એ.વી.પટેલ કોમર્સ કૉલેજના નાણા અને વિદ્યાર્થી કલ્યાણ સમિતિ તેમજ IQAC સમિતિના સંયુકત ઉપક્રમે ગોલ્ડન જુબલી ખંડ ખાતે તેજસ્વી તારલાઓનું સન્માન સમારોહ તથા તૃતીય વર્ષ બી.કોમ.ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત દરેક મહેમાનોનો મહાવિદ્યાલયના આચાર્યશ્રીએ પુષ્પ અને શાબ્દિક રીતે આવકાર્યા હતા તેમજ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં બીલીમોરા વિભાગ કેળવણી મંડળના પ્રમુખશ્રી ભુપેન્દ્રભાઈ આમીન ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતુ કે આવનારા ભવિષ્યમાં ખૂબ સારી પોતાની કારકિર્દી બનાવીને એક સારા નાગરિક બનીને દેશની સેવા કરે, તેમજ કાર્યક્રમના મુખ્ય મહેમાન સુશ્રી વર્ષાબેન મહેન્દ્રભાઈ રાજપુત (ભૂતપૂર્વ વિદ્યાર્થી) એડવોકેટ તેમના વકતવ્ય દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. તેમજ આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે મંડળના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ભરતભાઈ અમીન, મેનેજિંગ ટ્રસ્ટીશ્રી હૃદયનાથભાઈ પટેલ તથા નિવૃત અધ્યાપકશ્રી જગદીશભાઈ ભાવસાર ઉપસ્થિત રહ્યા હતા. તેમના તરફથી વિદ્યાર્થીઓના કલ્યાણ માટે રૂપિયા ૫૧૦૦૦/–નું દાન મહાવિદ્યાલયને જાહેર કરવામાં આવ્યું હતું. તેમજ એમના સુપુત્ર સ્નેહલભાઈ ભાવસાર પણ ઉપસ્થિત રહ્યા હતા. તૃતીય વર્ષનાં વિદ્યાર્થીઓએ ત્રણ વર્ષના પોતાના અનુભવો વાગોળ્યા હતા. તેમજ એન.સી.સી., રમતગમત પ્રવૃત્તિમાં વિજેતા ઉપવિજેતાઓને તેમજ વિશ્વવિદ્યાલય પરીક્ષામાં પ્રથમ વર્ગ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ તેમજ મહાવિદ્યાલયની વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ તથા સ્પર્ધાઓના વિજેતાઓને મહાવિદ્યાલયના પ્રભારી આચાર્ય પ્રા. વર્ષાબેન બી. રાણા, મંડળના પદાધિકારીઓ તેમજ નાણાં અને વિદ્યાર્થી કલ્યાણ સમિતિના સંયોજક ડૉ. સોનલબેન એસ. વસાવા તેમજ ઉપસ્થિત મહેમાનો દ્વારા પ્રમાણપત્ર, ટ્રોફી, મેડલ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત અગ્રવાલ મહાવિદ્યાલયના અધ્યાપક ધાનેશ્વર પાંડે તેમજ સોનલબેન તેલી ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને કેરિયર ગાઈડન્સની માહિતી પૂરી પાડી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા.પૂજાબેન જી.વાઘેલા તેમજ પ્રા.હરમિતસિંહ એસ.સરદારે કર્યો હતો. તેમજ મહાવિદ્યાલયના તમામ કર્મચારી સભ્યોનો સાથ સહકારથી આ કાર્યક્રમ ખૂબ સારી રીતે પૂર્ણ થયો હતો.













## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.

### વિશ્વ જળ દિવસની ઉજવણી ૨૦૨૪નો અહેવાલ





સી.એન.કોઠારી હોમિયોપેથિક મેડિકલ કૉલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વ્યારાએ ભારત સરકારના જલ શકિત મંત્રાલયના નિર્દેશો અનુસાર દિનાંક ૨૨મી માર્ચ ૨૦૨૪ના રોજ "વિશ્વ જળ દિવસ"ની ઉજવણી કરી. પ્રતિજ્ઞા લઈને. આ ઈવેન્ટમાં $1^{st}$ BHMS (2022-24) અને $1^{st}$ BHMS (2023-25)ના વિદ્યાર્થીઓ, મહાવિદ્યાલયની ટીચીંગ ફેકલ્ટી, મહાવિદ્યાલયની નોન ટીચીંગ ફેકલ્ટી, નેચરોપેથી વિભાગના સ્ટાફ અને હોસ્પિટલ સ્ટાફે ભાગ લીધો હતો. મહાવિદ્યાલયની જલ શકિત સમિતિના કમિટી મેમ્બર ડૉ. ભાવિન મોદીએ ઉપરોકત સહભાગીઓ સાથે પ્રતિજ્ઞા લેવડાવી હતી. મહાવિદ્યાલયની જલ શકિત સમિતિના અધ્યક્ષ ડૉ. જ્યોતિ રાવે અર્થપૂર્ણ પ્રવચન આપ્યું હતું અને પાણી બચાવવા અનુરોધ કર્યો હતો. આચાર્યશ્રી ડૉ.જે.આર.રાવના માર્ગદર્શન હેઠળ મહાવિદ્યાલયની જલ શકિત સમિતિ અને પ્રવૃત્તિ સમિતિ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

### હોળીની ઉજવણી







૨૩મી માર્ચ સી.એન.કોઠારી હોમિયોપેથિક મેડિકલ કૉલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વ્યારાએ વિદ્યાર્થીઓને હોળીની ઉજવણી કરવાની મંજૂરી આપી હતી. અન્ય લોકોને અસુવિધા ન થાય તે માટે થોડા નિયમોનું પાલન કરવામાં આવ્યું હતું. ઉજવણી દરમિયાન ઉપયોગમાં લેવાતા રંગો પ્રદૂષક સંયોજનોથી મુકત હતા. " પાણી બચાવો" પહેલને પ્રોત્સાહન આપવા માટે, હોળીની ઉજવણી માટે માત્ર સૂકા રંગોને જ મંજૂરી આપી હતી. પાણીનો ઉપયોગ સખત પ્રતિબંધિત હતો. આ ઉજવણી મુખ્યત્વે ભારતીય સંસ્કૃતિને બહાર લાવવા અને તમામ વિદ્યાર્થીઓને તેમની વિવિધતાઓ છતાં એક કરવા માટે છે. તમામ ફેકલ્ટી મેમ્બરોએ પણ હોળી પર્વની ઉજવણી કરી હતી. ઉજવણીની શરૂઆત સરસ્વતી પૂજાથી કરી હતી. પ્રિન્સિપાલ ડૉ. જ્યોતિ રાવના માર્ગદર્શન હેઠળ પ્રવૃત્તિ સમિતિ દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-02-2024 to 29-01-2024

| Detail | Description | March-2024 | |
|---|---|---|---|
| User | Visitors | 2735 | |
| | Internet Lab User | 107 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | - | |
| | UG/PG Students | 12 | |
| | Research Scholars | 3 | |
| | Non Teaching Staff | - | |
| | Visitors | 2 | |
| | Online User | - | |
| | Total | | 2859 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| March-2024 | 551 | 787 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર : ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | March-2024 | 06 |

Sources : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | March-2024 | 07 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | March-2024 | 06 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in